ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

તળાવમાં વહેતી કાગળની હોડીઓએ ખોલ્યું ત્રણ માસૂમ બહેનોના કાળનું રહસ્ય

ખંભાતના શકરપૂરમાં ડૂબી જતાં ૩ માસુમ બહેનના મોત

ખેતમજૂર પિતાની ત્રણ વ્હાલસોયી દીકરી શૌચક્રિયા દરમિયાન પગ લપસતા પાણીમાં ગરકાવ

(પ્રતિનિધિ ખંભાત તા.૩૧

ખંભાત તાલુકાના શકરપૂર ગામના ખડઉ સીમ વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક અને ગમખ્વાર ઘટના સામે આવી છે, જ્યાં તળાવ કિનારે આવેલી તલાવડીમાં ડૂબી જવાથી એક જ પરિવારની ત્રણ માસૂમ બાળકીઓના કરુણ મોત નિપજ્યા છે. શૌચ કરવા ગયેલી ત્રણ બહેનોનો અચાનક પગ લપસી જતાં તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. દીકરીઓ મોડે સુધી ઘરે પરત ન ફરતાં પરિવારે આસપાસ ભારે શોધખોળ કરી હતી, પરંતુ અંતે તળાવના શાંત પાણી પર તરતી કાગળની હોડીઓએ કાળજું કંપાવી દેનારી આ હોનારતનો ભેદ ખોલ્યો હતો.

શકરપૂરના મોસમફળીયા વિસ્તારમાં રહેતા અને ખેતમજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ પિતા અશ્વિનભાઈ બારૈયા પર કુદરતે કારમો વજ્રઘાત કર્યો છે. તેમની ત્રણ વ્હાલસોયી દીકરી પ્રિયા (ઉં.વ. ૧૩), ઈશા (ઉં.વ. ૧૧) અને રીના (ઉં.વ. ૮) ખડઉ સીમ વિસ્તારના તળાવ કિનારે શૌચ કરવા માટે ગઈ હતી. જ્યાં અચાનક કોઈ કારણસર પગ લપસી જતાં ત્રણેય લાડકવાયીઓ ઊંડા પાણીમાં સમાઈ ગઈ હતી. લાંબા સમય સુધી દીકરીઓ ઘરે ન ફરતાં ચિંતિત બનેલા

પરિવારજનો અને ગ્રામજનોએ ભારે આક્રંદ સાથે આસપાસના ખેતરોમાં લગભગ ૨ કલાક સુધી શોધખોળ આદરી હતી. આ શોધખોળ દરમિયાન અચાનક તળાવના કિનારે નાની-નાની કાગળની હોડીઓ તરતી જોઈ પિતા અને સગા-સંબંધીઓને કોઈ અણધારી આફતની આશંકા ગઈ હતી.

સ્થાનિક યુવકે તાત્કાલિક હિંમત દાખવી તળાવના પાણીમાં ઉતરી તપાસ કરી, ત્યારે ત્રણેય બહેનોના નિષ્પ્રાણ દેહ મળી આવ્યા હતા. એક પછી એક ત્રણેય માસૂમ દીકરીઓના કાયા પાણીમાંથી બહાર કાઢવામાં આવતા આખું વાતાવરણ કરુણ રુદનથી ગુંજી ઉઠ્યું હતું.

આ ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ત્રણેય બાળકીઓને ખંભાત સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ ત્રણેય બહેનોને મૃત જાહેર કરી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાની ગંભીરતાને જોઈને પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

ત્રણ વ્હાલસોયી દીકરીઓને એક સાથે અંતિમ વિદાય આપતાં ગામ હીબકે ચડ્યું

શકરપુર ગામમાં ત્રણ દીકરીઓના એકસાથે થયેલા મોતના પગલે સમગ્ર ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ હૃદયદ્રાવક ઘટનાથી પરિવારજનો સહિત સમગ્ર ગ્રામજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. પરિવારજનોના આક્રંદ અને કરુણ વિલાપથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ત્રણેય બહેનોની એકસાથે અંતિમયાત્રા નીકળતાં સમગ્ર શકરપુર ગામ હીબકે ચડ્યું હતું. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. એક જ પરિવારની ત્રણ વ્હાલસોયી દીકરીઓને એકસાથે અંતિમ વિદાય આપવાનો હૃદયદ્રાવક દુ:ખદ પ્રસંગ જોઈ ઉપસ્થિત સૌની આંખો ભીની થઈ ગઈ હતી. અંતિમયાત્રા દરમિયાન ચોતરફ શોક અને નિ:શબ્દતા છવાઈ ગઈ હતી. ત્રણેય બહેનોની એકસાથે નીકળેલી અંતિમયાત્રાએ સમગ્ર ગામને શોકના સાગરમાં ગરકાવ કરી દીધું હતું.

એક જ આંગણામાં કિલ્લોલ કરતી ત્રણ બહેનોના એક સાથે મોત થતાં બારૈયા પરિવાર ભાંગી પડ્યો છે. આ ગમખ્વાર ઘટનાની જાણ થતાં જ હોસ્પિટલ અને પરિવારના આંગણે આજુબાજુના સેંકડો ગ્રામજનોના ટોળા હમદર્દી વ્યક્ત કરવા માટે ઉમટી પડ્યા હતા અને શકરપૂર ગામમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

આણંદમાં એક્ટિવા ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

બોરસદ બ્રિજ પર આણંદ તરફ આવતા યુવક કાળનો કોળિયો બન્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ શહેરના બોરસદ બ્રિજ પર ગત ૨૭મી ઓગસ્ટના રોજ મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જેને પગલે પોલીસે એક્ટિવા ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પેટલાદના સુદરણા ગામના મનુભાઈ તળશીભાઈ પરમાર (ઉં.વ. ૭૦) નો પુત્ર રાજેન્દ્ર વિદ્યાનગર GIDC ની એક કંપનીમાં નોકરી કરતો હતો. ગત તારીખ ૨૭મી ઓગસ્ટના રોજ રાત્રે રાજેન્દ્ર બાઈક લઈને જીટોડીયાથી આણંદ તરફ આવી રહ્યો હતો. આ દરમિયાન બોરસદ બ્રિજ પર લોટિયા ભાગોળ નજીક સામેથી ગફલતભરી રીતે આવી રહેલા એક્ટિવા (જી.જે. ૨૩ ડી.એલ. ૦૦૨૩) ના ચાલકે રાજેન્દ્રની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ગંભીર હતો કે રાજેન્દ્ર રોડ પર પટકાતા તેના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માત બાદ તેને તાત્કાલિક કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે નડીયાદની હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન ૩૧મી ઓગસ્ટના રોજ તેનું મોત નીપજ્યું હતું. આ કરુણ ઘટના અંગે મૃતકના પિતા મનુભાઈ પરમારે આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

વર્ષ ૨૦૧૯ના ઝઘડાનો ખાર રાખી એક જ પરિવારના ૬ સભ્યોએ યુવકને મોતને ઘાટ ઉતાર્યો

નડિયાદના ટુંડેલમાં જૂની અદાવતમાં યુવાનની ચપ્પાના ઘા ઝીંકી ક્રૂર હત્યા

વસો પોલીસે ગણતરીના કલાકોમાં છ આરોપીને દબોચ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

નડિયાદ તાલુકાના ટુંડેલ ગામના કુવાવાળા ફળિયામાં જૂની અદાવતની અકળામણમાં એક 38 વર્ષીય યુવાન પર છ શખ્સોએ એકસંપ થઈ તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો છે, જેના પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને તંગદિલી વ્યાપી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ વસો પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને હત્યામાં સંડોવાયેલા તમામ

છ આરોપીઓને ગણતરીના કલાકોમાં જ રાતોરાત ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટુંડેલ ગામના કુવાવાળા ફળિયામાં પરિવાર સાથે રહેતા મફત છોટા ગોહેલનો પુત્ર મહેશ ગોહેલ રવિવારે રાત્રે આશરે 9 વાગ્યાના સુમારે ફળિયામાં ઊભો હતો. આ સમયે ત્યાં ધસી આવેલા જગદીશ સોમા ગોહેલ અને તેના સાગરીતોએ અગાઉના ઝઘડાની અદાવત રાખી મહેશ સાથે ઉગ્ર બોલાચાલી અને મારામારી શરૂ કરી હતી. આ મારામારીમાં ઉશ્કેરાયેલા જગદીશ ગોહેલ, સોમા ગોહેલ, મુકેશ ગોહેલ, ચિરાગ ગોહેલ, ગોપાલ ગોહેલ અને રમણ ગોહેલે મહેશને જમીન પર પાડી દઈ બેફામ માર માર્યો હતો. આ દરમિયાન જગદીશ ગોહેલે પોતાની પાસે રહેલા ચપ્પુ વડે મહેશના ગળા, માથા, પેટ અને ડાબા હાથના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા, જેથી ગંભીર ઈજાઓને કારણે મહેશનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હત્યા પાછળ વર્ષ ૨૦૧૯ની અદાવત

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મહેશ ગોહેલની હત્યા પાછળ વર્ષ 2019માં બનેલી એક ઘટના મુખ્ય કારણ છે. તે સમયે ઘરની સ્ત્રીઓ બાબતે થયેલી ટીકાટીપ્પણીને લઈને બંને પક્ષો વચ્ચે ભારે અથડામણ થઈ હતી અને હત્યાના પ્રયાસ (કલમ 307) હેઠળ ગુનો નોંધાયો હતો. આ જૂની અદાવતનો બદલો લેવા માટે જ રવિવારે રાત્રે સુનિયોજિત રીતે મહેશને નિશાન બનાવી તેનું કાસળ કાઢી નાખવામાં આવ્યું હતું.

ઉમરેઠમાં જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

પોલીસે રતનપુરા રોડ પર દરોડો પાડી રૂ. ૧૬,૧૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૩૧

ઉમરેઠ શહેરમાં રતનપુરા રોડ પર આવેલા ભાથીજી મંદિર પાછળ ખુલ્લી જગ્યામાં બેટરીના અજવાળે પત્તાનો જુગાર રમતા છ શખ્સોને ઉમરેઠ પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ રૂપિયા ૧૬,૧૨૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરેઠ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો રવિવારે રાત્રિ દરમિયાન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે રતનપુરા રોડ પર ભાથીજી મંદિર પાછળ રોડ પર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈ જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ ઓચિંતો દરોડો પાડતા ત્યાં ગોળ કુંડાળું વળી પત્તા વડે હાર-જીતનો જુગાર રમી રહેલા છ શખ્સો ઝડપાઈ ગયા હતા. આ શખસોની પુછપરછ કરતાં મહેશ દિનેશ પરમાર, મિતેષ કનુ રાણા, આશીષ રાકેશ રાણા, મિતેષ રાજેશ રાણા, હિંમત કંચનલાલ રાણા અને રવિન્દ્ર ભીખા રાણા હોવાનું જણાવ્યું હતું.

ઉમરેઠ પોલીસે તમામની અંગ ઝડતી લેતા તેમની પાસેથી કુલ રૂ. ૯,૬૨૦ની રોકડ મળી આવી હતી, જ્યારે જુગારના દાવ પરથી રૂ. ૬,૫૦૦ની રોકડ મળી કુલ રૂ. ૧૬,૧૨૦ અને જુગાર રમવાના પત્તા જપ્ત કરવામાં આવ્યા હતા.

ફક્ત કુદરતી ચીકણી માટી અને બિન-ઝેરી રંગોનો જ ઉપયોગ કરી શકાશે

આણંદમાં ગણેશોત્સવ નિમિત્તે POPની મૂર્તિ પર સખત પ્રતિબંધ

આણંદ જિલ્લામાં ૯ ફૂટથી વધુ ઊંચાઈની મૂર્તિ બનાવવા પર મનાઈ ફરમાવવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ જિલ્લામાં ૧૪મી સપ્ટેમ્બરથી ૨૫મી સપ્ટેમ્બર સુધી યોજાનાર ગણેશોત્સવના તહેવાર દરમિયાન પર્યાવરણની સુરક્ષા જળવાય અને લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આણંદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા (જી.એ.એસ.) દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ સમગ્ર આણંદ જિલ્લામાં પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવામાં આવ્યો છે. આ જાહેરનામું ૨૫મી સપ્ટેમ્બર સુધી સમગ્ર જિલ્લામાં અમલી રહેશે.

આ જાહેરનામા અનુસાર, ગણેશજીની મૂર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરિસના ઉપયોગ પર પૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. મૂર્તિકારોએ મૂર્તિ બનાવવા માટે માત્ર ચીકણી માટી અને કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ કરવાનો રહેશે, જ્યારે ઘાસ, લાકડા કે વાંસનો ઉપયોગ કરવા પર મનાઈ છે. મૂર્તિને રંગવા માટે કેમિકલ કે ઝેરી રંગોના બદલે પાણીમાં સહેલાઈથી ઓગળી જાય તેવા બિન-ઝેરી કુદરતી રંગો જ વાપરી શકાશે. આ ઉપરાંત, બેઠક સહિત મૂર્તિની મહત્તમ ઊંચાઈ ૯ ફૂટથી વધુ હોવી જોઈએ નહીં.

વધુમાં, મૂર્તિ બનાવનારાઓએ સ્થળ પર ગંદકી કરવી નહીં તેમજ વેચાણ થયા બાદ વધેલી કે બિનવારસી મૂર્તિઓને રસ્તા પર છોડી શકાશે નહીં. અન્ય કોઈ પણ ધર્મની લાગણી દુભાય તેવા ચિહ્નો કે નિશાનીઓવાળી મૂર્તિ બનાવવા કે વેચવા પર સખત પ્રતિબંધ છે. આ નિયમો જિલ્લા બહારથી આવીને મૂર્તિ વેચતા વેપારીઓને પણ સમાન રીતે લાગુ પડશે. આ હુકમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

મહેળાવ પાસે રિક્ષા-બાઈક અથડાતા નિવૃત્ત શિક્ષક મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદના સોજિત્રા રોડ પર આવેલા રવીપુરા ગામની સીમમાં ઢેબાકુવા નજીક એક પેસેન્જર ભરેલી રિક્ષાના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં સામેથી આવતી મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ કરુણ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ધોળકાના 62 વર્ષીય નિવૃત્ત શિક્ષકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું,

ધોળકાની સાઈદર્શન-૨ સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક અમરાભાઈ છગનભાઈ ચૌહાણ (ઉં.વ. ૬૨) અને તેમના પત્ની જ્યોતિબેન રક્ષાબંધનના પર્વ નિમિત્તે આણંદ ખાતે રહેતા તેમના સંબંધીના ઘરે આવ્યા હતા. તહેવાર મનાવીને ૨૯મી ઓગષ્ટ,ના રોજ તેઓ રિક્ષામાં બેસીને પરત ધોળકા જવા નીકળ્યા હતા. રિક્ષામાં અમરાભાઈ આગળની સીટ પર બેઠા હતા. જોકે, મુસાફરોથી ભરેલી આ રિક્ષા જ્યારે ઢેબાકુવા નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે ચાલકે અચાનક સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી રિક્ષા સામેથી આવી રહેલી બાઈક સાથે જોરદાર ધડાકા સાથે અથડાઈ હતી અને રોડ પર પલટી ખાઈ ગઈ હતી.

આ ગંભીર અકસ્માતમાં અમરાભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે કરમસદની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં રિક્ષામાં સવાર તેમના પત્ની તેમજ અન્ય પેસેન્જરોને પણ ઈજાઓ થઈ છે. આ ઘટના અંગે મહેળાવ પોલીસે અકસ્માત સર્જનાર રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં નજીવી બાબતે યુવાન પર ચપ્પુથી હુમલો કરતાં ગંભીર

શાંતિ ફળિયામાં બેસવા બાબતે થયેલા ઝઘડામાં ત્રણ શખ્સોએ દુકાનમાં તોડફોડ કરી આતંક મચાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

નડિયાદ શહેરના છાટિયાવાડ લીમડી નજીક આવેલા મારવાડી વાસમાં ગત ૨૬ ઓગસ્ટની મોડી રાત્રે બેસવા જેવી સામાન્ય બાબતમાં ત્રણ શખ્સોએ આતંક મચાવી એક યુવાન પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ૨૬ વર્ષીય વેપારી યુવાનના નાક પર ચપ્પુનો ઘા ઝીંકી તેને લોહીલુહાણ કરી દીધો હતો અને ત્યારબાદ તેની દુકાનમાં ઘૂસી ભારે તોડફોડ મચાવી સામાન રસ્તા પર ફેંકી દીધો હતો.

નડિયાદના મારવાડી વાસમાં રહેતો અને વેપાર કરતો મનજીત વિજય પરમાજી મારવાડી (ઉં.વ. ૨૬) ગત ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રે આશરે દોઢ વાગ્યાના સુમારે તેના મિત્રો વિક્રમ અને પિન્ટુ સાથે શાંતિ ફળિયામાં આવેલા રણજીત ઉર્ફે ભોપાના ઘરે બેઠો હતો. તે દરમિયાન ત્યાં ધસી આવેલા મુકેશ મોહન મારવાડી, મનીષ મારવાડી અને કરણ મારવાડીએ તેઓને અત્યારે અહીં કેમ બેઠા છો તેમ કહી ત્યાંથી બહાર નીકળી જવા દબાણ કર્યું હતું. મનજીતે બહાર જવાની ના પાડતા મામલો બિચક્યો હતો અને ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈને ગાળાગાળી શરૂ કરી હુમલો કરી દીધો હતો.

આ દરમિયાન કરણ મારવાડીએ પોતાના ખિસ્સામાંથી અચાનક ચપ્પુ કાઢી મનજીતના નાક પર સીધો ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે મનજીત લોહીલુહાણ થઈ ગયો હતો. જ્યારે મુકેશે પણ ગડદાપાટુનો માર મારવાનું શરૂ કરી દીધું હતું. હુમલામાં મનજીત અને તેના મિત્રોને ઈજાઓ પહોંચતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. હુમલો કર્યા બાદ પણ આ શખ્સોનો રોષ શાંત થયો ન હતો અને તેઓએ મનજીતની દુકાને પહોંચીને ભારે તોડફોડ મચાવી માલસામાન રસ્તા પર ફેંકી નુકસાન કર્યું હતું. જતાં-જતાં તેઓએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે ઈજાગ્રસ્ત મનજીતે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ચરોતરમાં ચાર દિ' સુધી ભક્તિ અને પરંપરાનો રંગ છવાશે

નાગદેવતાની પૂજા, રાંધણ છઠ્ઠની તૈયારીઓથી સાતમ-આઠમના ઉપવાસ અને કૃષ્ણજન્મોત્સવ સુધી ધાર્મિક માહોલ

(પ્રતિનિધિ) આણંદ તા ૩૧

ચરોતરના આણંદ, ખેડા મહીસાગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં શ્રાવણ માસના પર્વો અને તહેવારોની ઉજવણી પરંપરાગત ધાર્મિક માહોલ વચ્ચે ધામધૂમપૂર્વક કરવામાં આવે છે. નાગ પાંચમથી શરૂ થતો પર્વોત્સવ રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ અને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ એવા જન્માષ્ટમી સુધી ભક્તિ, શ્રદ્ધા અને લોકપરંપરાના રંગોથી ચરોતર પંથકને રંગી દે છે.

નાગ પાંચમના દિવસે નાગદેવતાની પૂજા-અર્ચના કરવાની પરંપરા છે. ગ્રામ્ય વિસ્તારોમાં નાગદેવતાના મંદિરો તથા ધાર્મિક સ્થળોએ પણ ભક્તોની અવરજવર જોવા મળે છે. નાગ પાંચમ બાદ આવતી રાંધણ છઠ્ઠના દિવસે મહિલાઓ આગામી શીતળા સાતમના દિવસે ચૂલો ન સળગાવવો પડે તે માટે વિવિધ પ્રકારની વાનગીઓ અગાઉથી તૈયાર કરે છે. ત્યારબાદ શીતળા સાતમના દિવસે માતા શીતળાની પૂજા કરવામાં આવે છે. વહેલી સવારે મહિલાઓ શીતળા માતાના મંદિરે જઈ પૂજા-અર્ચના કરી પરિવારના આરોગ્ય, સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. ઘરમાં અગાઉથી તૈયાર કરાયેલા ઠંડા ભોજનનો પ્રસાદ ગ્રહણ કરવામાં આવે છે.

સાતમ બાદ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પાવન પર્વની ઉજવણીને લઈને મંદિરોમાં વિશેષ તૈયારીઓ હાથ ધરાય છે. મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણના બાળસ્વરૂપને આકર્ષક શણગાર કરવામાં આવે છે. ભજન-કીર્તન, ધૂન, ધાર્મિક પ્રવચન અને રાત્રિ જાગરણના કાર્યક્રમો યોજાય છે. મધરાતે બાર વાગ્યે શ્રીકૃષ્ણના જન્મ સમયે 'નંદ ઘેર આનંદ ભયો'ના જયઘોષ સાથે ભક્તો જન્મોત્સવ ઉજવે છે.

ચરોતરના ગામડાઓમાં પણ ઘેર-ઘેર કૃષ્ણ જન્મની ઉજવણી, પારણાં, ભક્તિ સંગીત અને પ્રસાદ વિતરણથી સમગ્ર વાતાવરણ 'જય શ્રીકૃષ્ણ'ના નાદથી ગુંજી ઊઠે છે. શ્રાવણના આ પર્વો ધાર્મિક આસ્થા સાથે ચરોતરની વર્ષો જૂની લોકપરંપરા અને સામાજિક એકતાને પણ જીવંત રાખે છે.

સતત ચાર દિવસ તહેવારોનો માહોલ

આણંદ જિલ્લામાં ૩૧ ઓગસ્ટે બોળચોથના વ્રત સાથે જ સાતમ આઠમના તહેવારોની પણ શરૂઆત થઈ ગઈ છે. દર વર્ષે બોળ ચોથની ઉજવણી સાથે જ જન્માષ્ટમીની ઉજવણીનો ઉત્સાહ પણ શરૂ થઈ જાય છે. આ વર્ષે સાતમ આઠમના તહેવારો ૩૧ ઓગસ્ટ થી શરૂ થયેલ છે. બોળચોથનું વ્રત ૩૧ ઓગસ્ટ, નાગ પાંચમ ૧ સપ્ટેમ્બર, રાંધણ છઠ ૨ સપ્ટેમ્બર, શીતળા સાતમ ૩ સપ્ટેમ્બર, અને જન્માષ્ટમી ૪ સપ્ટેમ્બર સુધી ઉજવણી ચાલશે. નાગ પાંચમ, રાંધણ છઠ્ઠ, સાતમ અને આઠમ જન્માષ્ટમીના તહેવારોની ચરોતરના તમામ વિસ્તારોમાં ઉજવણી ધામધૂમથી થાય છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225